નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

મે- ૨૦૧૩

વર્ષ – ૨ અંક – ૨ સળંગ અંક – ૮



તંત્રી - સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે સાહિલ શશિકાંત ભટ્ટ 'શૈશવ' જિતુ પુરોહિત

આ અંકના ફોટોકલાકાર : ત્રિ જોકો (Tri Joko) અક્ષરાંકન : ભૂલોક દવે લેઆઉટ : યોગેશ વૈદ્ય

ટેકનિકલ સહયોગ : હાર્દિક ભટ્ટ દિનેશ વાઘેલા

o 'નિસ્યંદન' વિશે

- o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમજ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.
- o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા
- o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી નવી વેબસાઈટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.
  અથવા https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.
- o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા નમ્ર વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

- o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.
- o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*
- o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)
- o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.
- o 'નિસ્યંદન'ના સુશોભન / મુખપૃષ્ઠ માટે આપના દ્વારા ઝિલાયેલા સુંદર ફોટોગ્રાફ / આપનાં બનાવેલાં ચિત્રો.
- o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.
- o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*
- o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

- o ટપાલી દ્વારા – યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ. ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.
- o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com
- o વેબસાઈટ http://yogish.co.in
- o બ્લોગ http://yogesh-vaidya.blogspot.com

* અનુક્રમ *

સંપાદકીય – ૩
હરીશ મીનાશ્રુ-૪
વીરુ પુરોહિત – ૫
પીયૂષ ઠક્કર - ૬,
યોગેશ વૈદ્ય - ૭
સ્નેહી પરમાર - ૭
વંચિત કુકમાવાલા - ૮
જિતુ ત્રિવેદી - ૮
ધ્વનિલ પારેખ – ૮
ભરત ત્રિવેદી – ૯
ચિંતન શેલત – ૯
ડૉ .નીરજ મહેતા – ૧૦
મંગળ રાઠોડ – ૧૧
અ હિમાન્શુ પટેલ - ૧૨
સાભાર સ્વીકાર – ૧૩
રથ અંતરી - ફારૂક શાહ – ૧૪
આ અંકના ફોટોકલાકાર – ૧૫
વેબજગત - જીજ્ઞેશ અધ્યારૂ -૧૬
કેકારવ - ૧૭
આપના પ્રતિસાદ - ૧૭
સાહિત્યવૃત્ત – ૧૮
આપણી સાહિત્ય ધરોહર – ૧૯

૦ સંપાદકીય



સમય અને શબ્દ

હમણાં એક મિત્રે મને પ્રશ્ન પૂછ્યો. “ ૨૦૦ વર્ષ પહેલાંની કેટલી કવિતાઓ આપણી વચ્ચે સચવાયેલી રહી છે ? ” પ્રશ્ન ધારદાર હતો અને વાતની ભૂમિકા પણ એટલી જ અણિયાળી. સાહિત્યિક શબ્દનું આયુષ્ય કેટલું ? પ્રાગનરસિંહયુગથી (ઈ.સ.૧૦૦૦-૧૪૧૪) લઈને આજપર્યંત રચાયેલ સાહિત્યમાંથી કેટલું સાહિત્ય આજ સુધી ટકી શક્યું છે ? ઈ.સ. ૧૧૮૫માં રચાયેલ ‘ભરતેશ્વર બાહુબલીરાસ’ (શાલીભદ્રસૂરી) ‘રણમલ છંદ’(ઈ.સ. ૧૩૯૮માં કવિ શ્રીધર) અને ‘પ્રબોધ ચિંતામણી’ (કવિ મેરુ તુંગા) - આ બધી રચનાઓનું અસ્તિત્વ આજે સંદર્ભગ્રંથોમાં જ સમેટાઈને રહી ગયું છે ત્યારે થોડાંક નરસિંહનાં અને મીરાંબાઈનાં પદો યાદ રહ્યાં છે, અખાના છપ્પા અને પ્રેમાનંદ અને ભાલણનાં આખ્યાનો હજુપણ ક્યાંક જીવે છે. આ રચનાઓનું આમ ચાર-પાંચ સૈકાઓ પર્યંત ટકી રહેવું પણ નાનીસૂની ઘટના નથી.

શું છે સાહિત્યકૃતિના કાળજયી બની રહેવા માટેની વિનિંગ કેમેસ્ટ્રી ? કેટલાક મુદ્દાઓને સ્પર્શી શકાયું છે ; જે કોઈ પણ ભારણ વગર સીધા જ વિસ્તૃત ચર્ચા અર્થે આપ સમક્ષ મૂકુ છું.

રચનાનો વિષય અને હેતુ : રચનાનો વિષય અને હેતુ રચનાનુ આયુષ્ય નક્કી કરનાર મુખ્ય પરિબળ ગણી શકાય. રચનાના વિષય અને હેતુના (સામાજિક/ધાર્મિક/રાજકીય) વિકાસ અને વિલયની સાથે સાથે જ જે કે તે રચના પોતાનો નિર્વાહ કરી શકે છે. મીરાંબાઈનાં પદો વિષયવસ્તુની શાશ્વતીને લાઈને ચાર-પાચ સૈકાઓ તરી ગયાં. જ્યારે આ પૂર્વે અને પછીના સમયમાં રચાયેલી ઘણી વિખ્યાત રચનાઓ તેના હેતુ અને વિષયને આધીન સ્વાભાવિક અપ્રસ્તુતિ પામી. વૈશ્વિક અને શાશ્વતીને સ્પર્શતા વિષયોવાળી રચના જ કાળજયી બની શકી છે.

ભાષાનો ઉત્ક્રાંતિ ગત વિકાસ : ભાષાનો ઉત્ક્રાંતિગત વિકાસ પણ ઉત્તમ કૃતિને કાળક્રમે અપ્રસ્તુત બનાવી દે છે.

અનુભૂતિની સચ્ચાઈ : અનુભૂતિની સચ્ચાઈ એ સાહિત્યકૃતિનો આત્મા છે. આ અનુભૂતિ સમસંવેદનાના રૂપમાં પણ હોઈ શકે. કાળજયી કૃતિઓ ખૂબ જ ઊંડાણપૂર્વકની અને સાચી અનુભૂતિનો પરિપાક હોય છે. પત્નીના અવસાનના ખબર મળતાં રચાયેલું “ભલું થયું ભાંગી જંજાળ , સુખે ભજશું શ્રીગોપાળ “ સૈકાઓ પછી પણ ટકી રહે તેમાં માત્ર ને માત્ર નરસિંહની કરોડો ગીગાહર્ટઝ્‌ના મેગ્નેટ્યુડની સાચી અનુભૂતિ જ કારણભૂત છે. તેવું જ મીરાંબાઈ વિષે પણ કહી શકાય.

રચનાનો બાહ્ય ઢાંચો : પદ્ય તેની લયાન્વિતતાના બળે ગદ્ય કરતાં વધુ લોકભોગ્ય, પ્રસારક્ષમ અને પરિણામે ટકી રહેવાની વધુ ક્ષમતા ધરાવતું માધ્યમ છે. ગીતો અને ગેય પદો કથા-વાર્તાના મુકાબલે વધુ ટકી શક્યાં છે.

રચના રીતિ અને ભાષાનું સ્તર : કાળજયી નીવડેલી બધી જ રચનાઓમાં ગહનતમ વાતને પણ સરળ અને સહજ ભાષામાં કશા જ રચાનાપ્રપંચ વગર કહેવાઈ છે. પ્રતીકો અને રૂપકોની ભ્રામક જાળમાં ગૂંથાયેલા નર્યા કૃતક શબ્દો કદી પણ કાળજયી નીવડી ન શકે.

આ ઉપરાંત રચનાકારનું સાહિત્યેતર વિશેષ પ્રદાન (સત્યના પ્રયોગો –ગાંધીજી) , રચનાની રાજકીય / સામાજિક સવિશેષ સ્વીકૃતિ (જનગણમન અધિનાયક –રવીન્દ્રનાથ) પણ કૈંક અંશે કાળજયી બનવામાં ઉપકારક બની શકે છે.
તો શું આ બધી બાબતોને આવરી લઈએ એટલે એક કાળજયી કૃતિ નીવડે જ ? ના , બિલકુલ નહીં ! ઉપર ચર્ચેલા મુદ્દાઓ ઉપરાંત એક એક્સ ફેક્ટર - કદાચ શબ્દની અને રચનાકારની નિયતિ પણ પોતાનું કામ કરતી જણાય છે.

જો કે, અંતે નોંધવું રહે કે ફક્ત કાળજયી બનાવવાના હેતુ સાથે જ ક્યારેય કોઈ કૃતિ રચાતી નથી. કલાકારનો મૂળ હેતુ તો હોય છે કલાગત અભિવ્યક્તિનો. મહાકાળ તેના કાર્યને ભૂંસી જ નાંખવાનો છે તેની સુપેરે જાણ છતાં પોતાના શબ્દના બળે ભલે થોડીક ક્ષણો માટે પણ ટકી રહેવાની હિંમતભેર કોશિશ કરે તે સાચો કલાકાર. ‘ જે કાળજયી બની રહે તે જ ઉત્તમ કલાકૃતિ ‘ તેવું માનવું એ પણ કલાધર્મનો દ્રોહ છે.

યોગેશ વૈદ્ય તારીખ : ૦૧ – ૦૫ - ૨૦૧૩

0 ગઝલ

પરપોટા પર બેસાડે નખ
દુનિયાનો પર્યાય તે દોઝખ

અમે અરીસાને પૂછ્યું તો
પડી ઓઘરાળાની ઓળખ

પડનાં પડ ઊખેડે સપનાનાં
આ તે આંખ હશે કે અબરખ

જુદી જ જન્નત ચણવા સારુ
શીદ બાંધે તું મનમાં પાલખ

ચેત મછંદર બોલું ત્યાં તો
ભીતરમાંથી ગાયબ ગોરખ

અમે વખાના માર્યા મૂંગા
કંઠે કડવાં રૂંધ્યાં છે વખ

લખ્યું વહાવે શાને જળમાં
લખ તો સીધું જળ ઉપર લખ

મૂડી કહો તો ઝળહળ આંસુ
ધીકતો ધંધો રળતર મબલખ

0 હરીશ મીનાશ્રુ





0 ગઝલ



ચાલો તંબુ તજી ડેરા
અગમ કરતાંય આઘેરા

ધૂણી એવી ધખાવી કે
ચહુદિશ ખાખના ઢેરા

હુઆ ગુમ બાંઝકા છોરા
પીટા સુપણેમેં ઢંઢેરા

ભીતરમાં લ્હાય જબ ઊઠે
અજબ લજ્જત ગજબ લ્હેરા

નથી પરછાંઈ પણ મારી
નહીં યે બિંબ ભી તેરા

પહોંચ્યા જે કોઈ ટોચે
પૂછો : વો કબ તલક ઠહેરા

0 મુક્તક : અનુવાદ
પારકી ભાષાનાં પંખી એમના લયછંદમાં
આ તરફ નીકળ્યાં હતાં પ્રાચીન ઋણાનુબંધમાં
હુંય તે યાયાવરીનો દરવિશી ડગલો ધરી
હારતોરા લઈ ઊભો'તો નીતર્યા આનંદમાં
0 હરીશ મીનાશ્રુ

0 યોગમથી... (ગઝલ)



અતિશય સુખ ગણીને તું સતત છલકાય યોગમથી !
અરે ! તું ભ્રાંત છો, એ ગુપ્ત રીતે ખાય યોગમથી !


કદી માયા, કદી મમતા, કદી તૃષ્ણા, કદી છલના :
હજારો સર્પ ઇચ્છાધારી, જો ! વીંટાય યોગમથી !

ધબકતો કેમ રાખ્યો તેં મને પાષાણ-નગરીમાં ?
ભયંકર ઊઠતા પડઘા ડરાવી જાય યોગમથી !

બનાવો જે બને તે હોય છે અંગાર ચંપાતા,
વળી, વરદાન થૈને વા-ઝડી પણ વાય યોગમથી !

હશે મારી જ ભીતર ક્યાંક છાપામાર યોધ્ધાઓ,
અ-સાવધ ક્ષણ જરા મળતાં જ હલ્લો થાય યોગમથી !

0 વીરુ પુરોહિત



0 ખૂબ વાંચું છું... (ગઝલ)



કરું છું પ્રાર્થના તો એ સમજતા, કૈક યાચું છું !
મળી ભીતર મને, હું તો અલખમાં રોજ રાચું છું !

પ્રભાતે ખગ પૂરે છે સાખ, સૂરજની અદાલતમાં ;
અભાવો ઊજવી હું રોજ ઉત્સવ જેમ નાચું છું !

ચડાવ્યો લાખ વેળા સાળ પર સૌંદર્ય દેવાને,
ન ગુંફ્યો તાર એક્કેવાર, સૂતર હું જ કાચું છું !

મને વેચી ગયું છે કોણ આ રદ્દી બજારોમાં ?
હતી ના જાણ એને કે કનક હું સાવ સાચું છું !

પરીક્ષા હોય છે મારી સમયના કોઈપણ ખંડે ;
કરેલાં પાપકર્મોની કિતાબો ખૂબ વાંચું છું !

0 વીરુ પુરોહિત

0 આકાશ બાબત બે- એક વાત



૧.

ઘસી, ખોતરી, ઉજરડી, ઉખેડી
ભૂંસી નાખવું છે પહેલાં તો
આખુંયે આકાશ

લ્યા ! ઝઘડુંશા !
પછી બ્રહ્માંડને લઈશું !

૨.
આમ ને આમ
બકોરાં પાડવાનું ક્યાં સુધી ચાલશે?

કાગળ હો તો ઠીક છે
દીવાલ હો તો પણ ઠીક છે

પણ
આ તો છે
આકાશ





૩.

શું કરે છે?
બારૂદ ભેગા કરું છું.


બારૂદ ક્યાં મળે છે?
બારૂદની ખેતી કરું છું.

શા માટે?
કારણ કે મારે આ આકાશ ઉડાવી દેવું છે.

કેમ લ્યા ! આ સુંવાળાં વાદળોવાળું
અગણિત રંગો – મેઘધનુષ્યો વડે ઓપતું
સૂર્ય – ચંદ્ર – તારા – નક્ષત્રોનાં અજવાળે ઝગમગતું,
એમાં વળી તને શેનો વાંધો છે?
દોસ્ત, તું આ ક્યા આકાશની વાત કરે છે? અહીં તો
અંધાર ઘેરું, કરકરાં રાખોડિયાં ધુમ્મસમાં વીંઝાતું
તારા નક્ષત્રોની ઝબુકમાં નહીં – પણ
મોટા હેલોઝન ગોળાના શેરડે ચિરાતું
અંધારિયા ભારઝલ્લા ઊંધા ખલ જેવું જે હોય
અરે જે તમને ટટ્ટાર ઊભાં રહેવાની, નજીવી
જગા પણ ન આપી શકે, એનું શું કામ?

એને તો ઉડાવી દેવું જ બહેતર !

0 પીયૂષ ઠક્કર





0 તારા વિષે

હાથમાં કલમ લઈને બેસવાથી
તારા વિષે લખી ન શકાય
તારા વિષે લખવા માટે, હાથમાં ધબકાર
લઈને બેસવું પડે
બરફ અને ઠિંગરાનાં સહિયારાં પૈડાં પર
શ્વાસોના રથને હંકારીને જ
તારા ફળિયે પહોંચી શકાય !

તને દૂરથી સાદ પાડું ત્યાં
નાભિમાં શ્વાસનો દુકાળ વરતાવા લાગે
અને ફેફસાંમાં સન્નાટાના અશ્વો હણહણાટ કરવા લાગે
તારા સુધી પહોંચવા કરતાં પણ અઘરું છે
તારી સામે ઊભા રહેવું
પગ, પગ મટીને ઝાકળસ્તંભ બની જાય
પાંસળીઓના પિંજરમાં.

ફફડાટની છેલ્લી ચળવળ થંભી જાય
એમ કવિતા ના લખાય
એમ તારી સામે ઊભા ન રહી શકાય
ઓગળવું હોય તો પણ ઓગળી ના શકાય
શરીરનું ખોખું પારદર્શક બની જાય,

તું સોંસરવી મારી આરપાર થઈ, મારા કાનમાં કહે
તો જ તારા વિશે લખી શકાય, એકાદ શબ્દ કદાચ.

0 સ્નેહી પરમાર

0 આપણો સંબંધ



એક ધક્કા સાથે
ટ્રેન ઊપડે છે.

મારા માંસની
ઝીણી ઝીણી નસો
તૂટવા લાગે છે.
મન ધુમ્મસથી ભરાઈ જાય છે.

તારી સાથેનો
મારો ઝઘડો
ફરી શરૂ થઈ જાય છે.
તને રૂબરૂમાં ન કહી શકેલ તર્કો ,
મારા અણગમા , ફરિયાદો.
સામે
તારા પ્રહારો
અને મારી ભીની આંખના ખુલાસા

ટ્રેનની ગતિ સાથે
એકધારો વધતો જાય છે
મારો આક્રોશ.
લોહીલોહાણ થઈ જવાયું છે
ભીતરથી.

મારા ગામ સુધી
પહોંચતાં પહોંચતાં
તારી સાથેનો મારો સંબંધ
તૂટી જ જશે.

અથવા
પ્રગાઢ થઈ જશે.

0 યોગેશ વૈદ્ય

0 ગઝલ



એકધારૂં જોઉં તો દેખાય છે અચરજ સમું.
થઈ ગયેલું એ જ પાછું થાય છે અચરજ સમું.

હા, ગમે તે આંખમાં જોયું મિલાવી ને નજર
છલછલોછલ કેટલું છલકાય છે અચરજ સમું.

પીંડ મારો બાંધવા બેઠો સમેટીને બધું
ને બધું કણ કણ બની વિખરાય છે અચરજ સમું.

હું મને ઓળંગવા જ્યારે બનું છું સજ્જ તો
રેશમી ઝળહળ સતત વીંટળાય છે અચરજ સમું.

સૂર સાધું છું અખંડિત ચેતનાના દોરથી
તળ-અતળ, પળપળ સકળ સંધાય છે અચરજ સમું.

0 વંચિત કુકમાવાલા



0 ગઝલ



આંખ સામે વિકાસ જેવું છે,
ધીમે ધીમે ખલાસ જેવું છે.

કોઈનો માપદંડ ચાલે છે,
સઘળી બાબત રકાસ જેવું છે.

કોઈ રીતે અલગ પડે ના તું,
તારું હોવું સમાસ જેવું છે.

એ ચમક પારદર્શી હોવાની,
આંખ માંના ઉજાસ જેવું છે .

0 ધ્વનિલ પારેખ

0 અર્થાત



બહુરૂપી ક્ષણોમાં વિભાજિત
જીવન કહો કે મન
એટલી જ ઇચ્છાઓ સાથે
હોય વિવાહિત
કોઈ ઇચ્છા હોય ગળે વળગેલી
કોઈનાથી આવી જવાયું હોય ગળે
કોઈ મસ્ત પળે લાગે કે
મૃત્યુ સ્વયં છે ડરપોક
દૂર દૂર છુપાયું અદીઠ
તો કોઈ સુસ્ત ક્ષણે એ દીસે
નિશ્ચિત ને સાવ નજીક
સાવ એટલે સાવ નજીક
ઉરના એ જ મહા ઉપખંડે
જ્યાં રોપાયેલી
ફણગાયેલી
ફેલાયેલી હોય છે
કવિતા જ કવિતા
સ્ફૂરણના અવતરણથી
અંતિમ ચરણ સુધી

કવિતામાં ઊગેલો શબ્દ હોય મૃત્યુ
કે ખરેલો શબ્દ હોય જીવન
ઉભયમાં સમજાય એક જ અર્થ
એક જ વ્યંજના કે
શ્વાસ અને ઉચ્છવાસ સાથે વણાયેલી કવિતા
દેહથી પર છે
ચેહથી પર છે
કવિતા એટલે
મૃત્યુ ક્યારેય ક્યાંય ન હોવાનો
મગરૂબ અનુભવ
જીવન હર ક્ષણે ક્યાંક હોવાનો
પૂરો સંભવ.



0 જિતુ ત્રિવેદી

0 કોફી ટેબલ



કોફી ટેબલ પર ગોઠવેલા
પુસ્તકમાંથી
બેઠું થાય છે એક ઊંટ
તેની છીંકે
વરસી પડે છે
એક આખે આખું રણ
ને ખજૂરીનાં વન
ખજૂરી પર પાડે છે
ચંદ્ર મોટાં મોટાં આસું
પાન પરથી ખરતાં આંસુ
મારી આંખોના પલકારે ઝગમગે
ઓરડો આખો
ઊડે પતંગિયાં થઈ ધોળાં
ધોળાં પતંગિયાં બેસે મારી આંખે
અને આંખમાં તો ખજૂરીનાં વન...

0 ભરત ત્રિવેદી





0 એક કાવ્ય



અડવા સાથે ભડકી ઊઠે
સાવ તીણું બળી બળી ને બરડો જ્યારે
શાંત થઈ જાય
ત્યારે ઉખાડી લેવાનો
કોઇ ગભરુ ગાયની ચામડી લાવી ઢાંકી દેવાની

પછી તો

માખ અડે ને કંપારી
જરી ઝાંખ ચઢે ને કંપારી
કોઈ દાવાનળમાં બળી મરેલાં બિલ્વપત્રની
રાખ પડે ને કંપારી
કંપારી કંપારી
રુંવે રુંવે
બધ્ધા જુવે કંપારી

ઝીણી ઝીણી હલચલમાં
ભૂલી જવાય કે
સામેના કાઉન્ટર પર
પડેલો ગ્લાસ હજીયે શાંત છે


તૂટી ગયું ને આખુંયે ભાવવિશ્વ ?
ઝઘડી લેજો હવે
કે અહીં કવિતા કયાં?

0 ચિંતન શેલત

0 ગઝલ

આગમન છે અતાગ માલીપા
છોને બોલે છે કાગ માલીપા
એક ચંપાનો બાગ માલીપા
સૂંઘતો એને નાગ માલીપા
કેટલી નાસભાગ માલીપા
જાણે લાગી હો આગ માલીપા
ગર્ય ગરનાર બેઉ મારામાં
જોને ઊગ્યા છે સાગ માલીપા
મોહ મૂકી દીધો સપાટી પર
ક્યાં હવે રંગરાગ માલીપા
બહાર જૂદું અલગ હશે અંદર
ખેંચી લે ઊંઘ- (જાગ માલીપા)
બહાર જો હોઈએ, મળે ટેકો
કેમે આવે ન લાગ માલીપા
ઝળહળે લાખ-લાખ કેસૂડાં
ખેલતું કોઈ ફાગ માલીપા
શ્વાસે-શ્વાસે અપાય આહુતિ
ચાલતા યજ્ઞયાગ માલીપા
સાંજ ઢળતી નજીક છે 'નીરજ'
જીવ અવ હાલ્ય, ભાગ માલીપા

0 ડૉ.નીરજ મહેતા







0 ગઝલ
ક્યારેક ખૂંચે

આંગણનું રૂપાંતર થઈ ઓટા થવું ક્યારેક ખૂંચે
કિટ્ટા ન થાય એટલા મોટા થવું ક્યારેક ખૂંચે

પાણીનું એકાએક પરપોટા થવું ક્યારેક ખૂંચે
દીવાલ પર સંબંધનું ફોટા થવું ક્યારેક ખૂંચે

એ કોઈ રીતે પણ ગુલાબોને ન સમજાવી શકાયું
એ એમ માને છે કે ગલગોટા થવું ક્યારેક ખૂંચે

સપનાંઓનું શું? ઊંઘ ઊડે એટલે લોપાય કિન્તુ
આવી રીતે સ્મરણોનું છાકોટા થવું ક્યારેક ખૂંચે

છે વાંસળી થાવામાં કેવી ધન્યતા પીડા પછી પણ
વીંધ્યા વિનાના વાંસના સોટા થવું ક્યારેક ખૂંચે

આયુષ્ય ક્ષણભર ઝળહળે 'ને કોઈ મોતી ના પરોવે
એવા અમસ્તા તેજ-લિસોટા થવું ક્યારેક ખૂંચે

0 ડૉ.નીરજ મહેતા

મંગળ રાઠોડ



૧૪-૩-૧૯૩૮ ૧૨-૩-૨૦૧૩

0 તણખલું

આમ જ અમસ્તાં
અલ્હડ બની મસ્તીમાં
તું
ચાવી રહી છે જે -
તણખલાને
તે
નાભિ-કમળની જેમ અંકુરાશે.
એક વૃક્ષ બની પર્ણાશે.
અને પછી-
ધીરે ધીરે
તારું સ્મિત, તારાં સ્તન
તારી આંગળીઓનાં રતુમડાં ટેરવાં
પાકાં ફળ બની, ખરી પડશે !
....
મારે તને
તણખલું ચાવતાં અટકાવવી જોઈએ !

0 ઉઘાડ

સવાર પડી.
ચકલીઓની પ્રાર્થના ફળી આખરે.
દુર્દિન જેવાં વાદળ વિખરાઈ ગયાં.
વરસાદમાં રઝળતાં
પલળી ગયેલ પગરખાં જેવાં
મકાનોમાંથી બહાર નીકળી
લોકો
ચાની ચુસ્કી જેવા હૂંફાળા સૂર્યમાં
આવ-જા કરવા લાગ્યા.
હું પણ
હવાઈ ગયેલ બાકસ પર
એક પછી એક દીવાસળીઓને અજમાવું છું.
આજના ઉઘાડ જેવી
કોઈ એકાદ તો સળગી ઊઠે...!

0 દંભીઓને

૧
રાતોરાત
દાઢી ઉગાડીને ફરતા
હે Intellectual મિત્રો
થોભો.
વગર વિચાર્યે હવે
એક ડગલું આગળ ન માંડતા.
થોભો.
મૂંડાવી નાંખશો તો ભૂંડા લાગશો
અને, રહેવા દેશો તો-
મારી નજરમાં તો ઘાસ છે !
હા,
ઘાસ છે ઘાસ, પેલું ઘાસ !
૨
ના.
તર્જનીસંકેત કરીને
છટકી નહિ જઈ શકો હવે.
અનામિકા ઊંચી કરો ને બોલો.
વારફરતી કબૂલ કરો.
નહિતર
તમારી આંગળી
એક શબ્દ બનીને સળગ્યા જ કરશે.
હું ફૂંક નહિ મારું ત્યાં સુધી !



O કોઇ અન્ય વિશે લખે (અનુ. - આસ્વાદ)

કોઇ અન્ય વિશે લખે - શિમોન અદાફ



સંપૂર્ણપણે મારું પોતાનું તો
કશું નથી.

મારાં મા-બાપે પણ
કશું અનુલ્લેખ રાખ્યું હતું
નાનકડા વાવંટોળમાં
ઊગતાં સૂર્ય કિરણોના
ચળકતા સપાટા હેઠળ.

અને અમારી વચ્ચે
લોહીના સંબંધો અને તારાઓ સિવાય કશુંય નથી
જે અમને અન-અંત સપડાવી
ઝેરણી સમ
એના ભરડામાં લે છે.

O અનુ. હિમાન્શુ પટેલ





Someone writes about another

Shimon Adaf
(Israel,)



I have nothing whole
of my own.

Even my parents
in a way silence something
in small vortices of air
under bladestrokes
of suns rising to shine.

And between us there is nothing but
a great cycle of blood and stars
that traps us without end
in its turning, like a
blender.

અદાફથી અન્ય સુધી...એક કાવ્ય અભિપ્રાય

ઇઝરાયલના યુવા કવિઓમાં છેલ્લાં દશ વર્ષમાં જેનું નામ સર્જનક્ષેત્રે પ્રતિભાસંપન્ન સર્જક સ્વરૂપે ચર્ચાયું છે, તે શિમોન અદાફ સીધું પોતાને વિશે, પોતાના મા-બાપ વિશે અને જે શહેરમાંથી તે આવ્યો છે તેના વિશે નિખાલસતાપૂર્વક લખે છે, એમાં કોઈ છોછ નથી.૬૦ના દાયકામાં ઉદભવેલું કન્ફેશનાલીઝમ યાદ કરાવે છે. કાવ્યની પ્રથમ પંક્તિની એ નિખાલસતા-સંપૂર્ણ પણે મારું તો / કશું જ નથી-. આ મટીરિઆલિસ્ટિક વિશ્વમાં જ્યારે કવિ આવું વિધાન કરે ત્યારે વાંચનારના મનમાં તરત પ્રશ્ન અને અચરજ બન્ને ઉપસાવે છે : શા માટે એનું પોતાનું કશું નથી ? કે શા માટે એનું ઉપાર્જિત હોવા છતાં એનું કશું નથી ? તો પછી એની પાસે છે શું એનું પોતાનું કહેવા ? અને કવિ છે તેથી આ “”સંપૂર્ણપણે” છે , તે શું છે? આ વિટંબણા માણસ માત્રની છે, અને જન્મજાત છેઃ શિમોન અદાફે લખ્યું છે તેવું જ પણ જુદા શબ્દમાં લગભગ સવાસો વર્ષ પહેલાં અન્ય હિબ્રુ કવિ, શોલ

ચેરનીકૉવસ્કીએ લખ્યું હતું "મારું પોતાનું કહેવા મારી પાસે કશું જ નથી "આ કે આવી અભિવ્યક્તિ હિબ્રુ કાવ્યની એકલાની કાવ્યબાની નથી. બીજે ક્યાંક થીયોડેર ઍંગ્લોપૌલાસ -ફિલ્મ દિગદર્શકે એના " હું મુલાકાતી છું " કાવ્યમાં લખે છેઃ

હમેશા કોઇક તો હશે જ
કહેવા કે
આ મારું છે.
હું-મારી પાસે મારું પોતાનું કશુંય નથી
મેં એક વખત તોછડાઈપૂર્વક કહ્યું હતું.
હવે મને સમજાયું કે કશું નહી અર્થાત
કશું નહી.
કે તમારું નામ પણ પોતાનું નથી.
અને અવારનવાર તમારે એક ઉછીતું લેવું પડે.

અદાફ કેવળ પોતાને વિશે જ નહીં, મા-બાપ વિશે પણ, પોતાને વિશે કહે છે તેવું જ એક વાક્યમાં કહી દે છેઃ અનુલ્લેખ રાખ્યું હતું ..." આ ચુપકીદી તો પરંપરાથી ચાલી આવતી અનૂભૂતિ છે. આ જડવાદ અને આધ્યાત્મિક મૂલ્યો વચ્ચેનો વિગ્રહ છે, તે સ્થિતિ તરફ નિર્દેશ કરતી ભાષા છે. કદાચ આપણને એટલે જ કહેવાયું છે-ત્યેન ત્યક્તેન ભૂંજીથા.
બીજી તરફ કદાચ આવિ સ્થિતિ એવાં મા-બાપ માટે પણ ઉદભવે છે, જે સ્થળાંતર કરે છે.અને એમની માતૃભાષાથી દૂર જતાં રહે છે, જ્યારે સ્વભાષા સિવાય બીજી ભાષામાં વિચારવું સહેલું નથી રહેતું. એવી પરિસ્થિતિમાં અભિવ્યક્ત કરવાની શક્તિ હણાઈ જાય છે, અને કેવળ ચુપકીદી અથડાય છે. કે પછી આવનારી પેઢી વિશે કહેવા એમની પાસે ભાષા નથી? કે બીજા પ્રદેશમાં પગ મૂકતાં જ અનઅભિવ્ક્તિ એમનો માનવસ્વભાવ થઈ જાય છે? એટલે કશું અનુલ્લેખ રહી અથવા થઈ ગયું હતું ! યેનકેન શબ્દોની ગેરહાજરી માં આપણે ગુપ્તતામાં નિર્વાસિત થઈએ છીએ. કવિનાં મા-બાપની હાજરી કેવળ એકાકી નથી, એને કવિનું હોવું મા-બાપ ઉજ્જડ નથી એટલું જ સૂચવે છે. શું ભાષા પણ આપણા માટે આવું કર્મ કરે છે ? ઉપનિષદકારે ત્યાગ કરી ભોગવ કહ્યું ત્યારે શું અભિપ્રેત હતું ? આપણે કેટલું છોડી દેવું પડશે, કોઈ આપણી પાસે સાવ અલ્પ કે અપૂર્ણ છે તેનો અનાદર કરે તે પહેલાં !! ગીતામાં કહ્યું છે "ઉપાય વગરના વિષયનો શોક ના કરીશ "અદાફ પણ આ કાવ્યમાં એક વિધાન એવું કરે છે," લોહીના સંબંધો અને તારાઓ સિવાય કશુંય નથી." આપણે આ ઉપાય વગરના સંબંધ કે જટિલ વ્યવસ્થા, જે શરૂમાં અવ્યક્ત છે, મધ્યમાં વ્યક્ત છે (!) , અંતે ફરી અવ્યક્ત થઈ જાય છે, અર્થાત એમાં પૂર્ણતાનો અભાવ છે, તેના જ એક ભાગ છીએ આપણે, અને આ બધું આ રીતે જ રહેશે. ઇશ્વરે આ વિષયો પ્રત્યે ચિંતામય કે શોકાતુર ન થવું એવું જણાવ્યું ત્યારે પ્રશ્ન થાય કે આ -પૂર્ણતા- ઇશ્વર માટે (અને મા-બાપ માટે પણ !) અલાયદી રાખવી ? જે જાણે છે કે એનું શું કરવું. તો પછી માણસે શું કરવું? અસહાય અને અજ્ઞાત ! કે આ વિટંબણામાં પેલા મિશ્રકમાં બધું ભરડાય તેમ ભરડાતા માણસે ! કવિતો એટલું જ કહે છે કવિતા વાંચો અને વિચારમાં ચક્કર કાપ્યા કરો ! કે પછી અમેરિકન કવયિત્રી લુઇસ ગ્લિક એમના " પરિવર્તનશીલ વિશ્વ" (મ્યુટેબલ અર્થ) કાવ્યમાં કહે છે તેમ-

મેં મને કહ્યું
મારી પાસે કશું ન હોય
તો વિશ્વ મને સ્પર્શી શકશે નહીં
...કશું ન હતું મારું
અને છતાં હું પરિવર્તિત.


માણસ હોવું એટલે જ અસહાય અન્યતર, તો પછી અસ્તિત્વ કેવી રીતે સત્વ પહેલાં ? **O હિમાન્શુ પટેલ**

O સાભાર સ્વીકાર

0 પ્રેમરસ પ્યાલો (ગઝલ સંગ્રહ) ' મહેક ' ટંકારવી, વિક્રેતા: રન્નાદે પ્રકાશન , ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ,અમદાવાદ. કિંમત રૂપિયા ૯૦.૦૦
0 આ રહ્યો વિજય (કવિ વિજય આશરને સ્મરણાંજલીનું સંકલન) : સંકલન : કિશોરભાઈ ડી. સોની. એ-૧૩/૧૫૧,રણજિતનગર,જામનગર-૫ મો. ૯૪૦૮૩ ૧૮૮૪૩

o અરથ અંતરી.......

ફારૂક શાહ



આપણે ત્યાં તેમ જ બીજાં સ્થાનોમાં કવિતાની પ્રક્રિયાઓ જોઈએ તો તે એક પ્રકારના આંતરિક સંઘર્ષમાંથી પસાર થઈ રહી છે. પારંપરિક પ્રવાહ છે તે એકદમ ભર્યા ભર્યા હોવાનો સૂર ઉચ્ચારે છે. દેશીવાદની વાત ઘણી વાર કેવી પાતળી રેખાને ઓળંગી મોટાભાગે એ પારંપરિક સૂરમાં ભળી જઈ અમથા અમથા આનંદના અવસરો પૂરા પાડતી હોય છે, તે એક રોજિંદી બાબત થઈ. પણ આજના સમયને વર્તી જે બે મુખ્ય ગતિવિધિઓ સામે આવે છે તે એ કે, એક તરફ કવિતા બધું જ હાજર નાજર છે તેને સ્વીકારીને મોં ફાડીને ઊભેલા પ્રશ્નોના ઉકેલો બાબતે કશાક તથ્યો અંકે કરવા વસ્તુની વસ્તુતાને તાગવાનો પ્રયત્ન કરે છે. તાગવા જતાં તે સંક્ષોભની સ્થિતિમાં મુકાઈ જાય છે. ચિંતનની ક્ષમતાને ચૂકે છે અને એક યાંત્રિક જગતને જોઈને અટકી પડે છે. આ સંદર્ભે ઉદાહરણ લેખે જોઈએ હિન્દી કવયિત્રી સવિતા સિંહની કવિતા. જેમાં ભર્યા ભર્યા લાગતા દૃશ્યનું પરિવર્તન થતાં યથાસ્થિતિની એક જડતા ઉજાગર થાય છે તેની વાત છે. દૃશ્યની અંદર બિલકુલ વચ્ચોવચ્ચ કેન્દ્રમાં લપાઈને બેઠેલી ખાલી જગ્યા તથ્ય તરીકે સામે આવે છે.

o દૃશ્ય પરિવર્તન

સવિતા સિંહ

આખ્ખે આખું દૃશ્ય બદલાઈ ગયું
મારી આંખ સામે
જાણે બદલાઈ ગયું હોય એક વિશ્વ
જાણે કોઈએ જાણી લીધા હોય
જીવનના અર્થો
ધરતી જાણે ફરી ગઈ હોય
હંમેશને માટે
અને બધા જ તારા
સૂર્ય, ચંદ્ર અને સારા લોકોના આત્મા
થઈ ગયા હોય ગાયબ એ શૂન્યમાં
માત્ર બચી હોય એક આસ્થા
કે હવે બીજું કંઈ જ નથી
ક્યાંય નથી કશું પણ
જે કંઈ જ્યાં છે
તે ત્યાં ખાલી છે

આ એક ગતિવિધિ થઈ, સભર હોવાના વ્યામોહ સામે યાંત્રિકતાનું તથ્ય સ્થાપતી. જ્યારે બીજી ગતિવિધિ છે પૂરી વૈચારિકતા અને ભાવ-સમગ્રતા સાથે વર્તી વૈયક્તિક મૂંઝવણોને અસ્તિત્વબોધ, સમાજ, અર્થનીતિ, સાંસ્કૃતિક વિષમતાઓ, પ્રકૃતિના સંકટો વગેરે જીવનને આવરતા આયામોમાં ફેલાઈને સુષુપ્ત બની ગયેલી સ્વથી સમસ્તને આવરતી સમજને જાગૃત કરવાની. સમસ્તને આવરતી આ સમજ પ્રતિબદ્ધ એ અર્થમાં છે કે તે બહુલપણે પડેલા તથ્યોના અંશોને એકઠા કરી તેને સંઘર્ષપૂર્વક નકારે છે અને તથ્યોની પારદર્શક ભૂમિને ઉપસાવવા માટે ભાષાની ઉપર ચઢેલા રૂઢ અને ભ્રાન્ત બનાવનારા થરોની તોડફોડ કરી નવી ભાષાનું નિર્માણ કરવાની કોશિશ કરે છે. અને એ નિર્માણની ભૂમિકાએ આવી મળેલી અર્થપૂર્ણ વસ્તુને સ્થાપે છે. આ ગતિવિધિ એવી છે કે તેને કશું અનર્થ ખપતું નથી. આ સંદર્ભે હિન્દી કવિ ચંદ્રકાન્ત દેવતાલેની કવિતા જોઈએ. ભાષાના થરો અને તેની યાંત્રિકતાને તોડવા અહીં સ્મૃતિવ્યાપારનો મુખ્ય આધાર લેવાયો છે. જે જેવું છે તેનો નકાર છે પણ સંતોષકારક વિશ્વનિર્માણ માટે પ્રતિરોધના માધ્યમ લેખે ક્ષમાને તો કોઈ કવિ જ પ્રયોજી શકે. ક્ષમાનું માધ્યમ પણ ક્યારે સ્વયંથી આરંભાતા આમૂલ પરિવર્તનની પ્રતીકાત્મકતા ધારણ કરીને વાચકને પડકારતું ઊભું રહી જાય છે તેની પહેલાં તો ખબર પણ પડે નહીં.

કવિતા પૂરી થઈને એક અવકાશ રચે છે ત્યાં જ એ પડકારનો સ્પષ્ટ સૂર આપણે સાંભળી શકીએ છીએ. કવિતા :

O એક દિવસ ક્ષમા માગવી પડશે

ચંદ્રકાન્ત દેવતાલે

એક દિવસ ક્ષમા માગવી પડશે
તારું જીવન કઈ રીતે વીત્યું એ અલગ વાત છે
યાદદાસ્ત પર નિર્ભર હોય છે ઘણું બધું

આકાશ અને પૃથ્વી પોતપોતાના પાંજરામાં સમેટાયેલાં રહેશે
ને દરિયો ઘૂઘવતો રહેશે
હવામાં ટીંગાયેલી રહેશે કવિતાઓ
ચામડી પર છૂંદાયેલાં અનંત રાતોનાં સપનાંઓ
તું વનસ્પતિ અને પહાડોનું રુદન સાંભળતો રહેશે
તારા લોહીમાં તરતી રહેશે અણીદાર સોયની હોડીઓ
શબ્દ અને શબ્દ વચ્ચેના એકદમ ચૂપ એકાંતમાં
થરકતું રહેશે તડકાનું કાળજું
આકાશ દોરડાની જેમ ખેંચાવા માંડશે અંધારાને માપવા

ત્યારે તારે પ્રેમ અને ધિક્કારના જોડિયા ચહેરાઓને નોખા પાડી
આગની નાનકડી બારીમાં ઝાંકીને માગવી પડશે ક્ષમા
સૌથી પહેલાં તારી મા પાસે
જેની અંદર હજી સુધી સંઘરાયેલી છે તારી હલચલ
પછી તેઓની પાસે જેની અંદર તું તારા અગ્નિને
બરફમાં રૂપાંતરિત કરતો રહ્યો
પછી માગતો રહેજે આખીય દુનિયા પાસે
એ અલગ વાત છે
એક પછી એક કોના સુધી પહોંચશે તારો કણસતો અવાજ
મોટા ભાગે યાદદાસ્ત પર નિર્ભર હશે



ત્રિ જોકો
(Tri Joko)

O આ અંકના ફોટોકલાકાર

ઇન્ડોનેશિયાના જોગજકાર્તા નગરના રહેવાસી યુવાન ફોટોકલાકાર ત્રિ જોકો **(Tri Joko)** વ્યવસાયે સિવિલ એન્જીનીયર છે. શોખ ખાતર શરૂ કરેલ ફોટોગ્રાફીમાં તેમણે ઘણું કાઠું કાઢ્યું છે. તમના ફોટોગ્રાફ્સ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માધ્યમોમાં સ્થાન પામી રહ્યા છે. રશિયાના પેટર્ન મેગેઝિન તથા સ્પેનિશ કલાસામયિકમાં તેમનું કામ સ્થાન પામ્યું છે. The beautiful people project અંતર્ગત થયેલો તેમનો પરિચયાત્મક લેખ માણવા લાયક છે. Link : http://www.thebeautifulpeopleproject.com/2012/10/journey-of-life-perjalanan-hidup.html?q=3joko) તે કહે છે “ હું ફોટોગ્રાફીને હ્રદયની આંખે જોઉં છું ” આસપાસ પથરાયેલા જીવનસંઘર્ષનું નિતાંત સૌન્દર્ય અને બાળપણથી વીંટળાયેલ કુદરતી વાતાવરણને કાવ્યાત્મકરીતે ઝીલવાની મથામણ આ ફોટોકલાકારના સર્જનમાં પમાય છે. તેમનું કામ http://500px.com/3Joko અને વેબસાઈટ www.paintingwithlight.de ઉપર પણ જોવા મળે છે.

O વેબજગત **જીજ્ઞેશ અધ્યારુ**



ટહુકોકોમ. સૂર અને શબ્દનો સુભગ સમન્વય (વેબ પરિચય)

http://tahuko.com

ફિલ્મી - ગેરફિલ્મી ગુજરાતી ગીતો, ગઝલોને વિશ્વના કોઈપણ ખૂણે ગૂંજતાં કરવાનો, નિ:શુલ્ક સાંભળવાનો લહાવો આપતી અનોખી સંગીતમય ગુજરાતી વેબસાઈટ એટલે ટહુકો.કોમ. શ્રી જયશ્રીબેન ભક્તા પટેલ દ્વારા જૂન 2006ના દિવસે શરૂ કરાયેલી ટહુકો.કોમ ગુજરાતી બ્લોગજગતનું આગવું આકર્ષણ છે. ટહુકો આજે ગુજરાતી ગીતોનું એક અગ્રગણ્ય ઓનલાઈન સરનામું છે. અનેકવિધ ગુજરાતી ગીતકારોની રચનાઓ, સંગીતકારોની સૂરાવલીઓ અહીં ગૂંજે છે. 350થી વધુ કવિઓ, 90થી વધુ સંગીતકારો, અને લગભગ 175 ગાયકોની કૃતિઓનો મહાકાય ઓડિયોસંગ્રહ ધરાવતી આ વેબ દેશ વિદેશમાં વસતા મૂળે ગુજરાતીઓની મનપસંદ ઓનલાઈન જગ્યા છે. કાવ્યપ્રકારો, સ્વરકાર, સંગીતકાર અને ગાયકો તથા ગીતના શીર્ષક અનુસાર ગીતો-ગઝલોનું વર્ગીકરણ અહીં સરળતાથી ઉપલબ્ધ હોવાથી રસિયાઓને તેમના મનપસંદ ગીતને શોધવામાં સરળતા રહે છે. આ ઉપરાંત વૈવિધ્યભર્યાં ગીતો એક પછી એક સાંભળવા અહીં વિવિધ ચેનલ સાથેના રેડિયો ટહુકોની સગવડ પણ ઉપલબ્ધ છે. માતૃભાષાની રચનાનો પ્રત્યેનું આકર્ષણ અનેરૂઁ હોય છે. દૂર વિદેશમાં વર્ષોથી વસતા ગુજરાતીઓને એ સૂરાવલીનો એકાદ શબ્દ પણ જો સંભળાઈ જાય તો આનંદનો અવસર ઊભો થઈ જાય એવી ભાવનાથી પ્રેરાઈને ગુજરાતી કાવ્ય તથા સંગીત જગતનાં વિવિધ રંગો આ વેબસાઇટ દ્વારા ઓનલાઈન ઉપલબ્ધ કરાવાયા છે. વેબસાઈટનો મૂળ ઉદ્દેશ ગુજરાતી સાહિત્ય તથા સંગીતની સમૃદ્ધિનો આસ્વાદ ભાવકોને કરાવવાનો તથા તેને સીમાડાઓ વટાવીને વધુ લોકપ્રિય બનાવવાનો છે જેમાં તે ખૂબ સફળ થઈ છે. કોઈપણ ગીતનું નામ અથવા ગાયકનું નામ લેશો તો આજનો યુવા વર્ગ અચૂક કહેશે... ટહુકોમાં શોધી લો ને.... આમ ટહુકો ગુજરાતી ગીત-ગઝલ માટે ગૂગલથી પણ સવાયું પુરવાર થઈ રહ્યું છે..

અમારું નિરીક્ષણ :

કોઈ અંગત ફાયદા માટે નહીં પરંતુ સમરસ લોકોની વચ્ચે માતૃભાષાની સુરાવલીઓ વહાવતી આ વેબસાઈટ ગુજરાતી ગીત-ગઝલોનો અનુપમ સંગ્રહ છે સરળ ઑડિયો પ્લેયર વર્ડપ્રેસ તથા પ્લગીનની સુંદર ગુણવત્તાને તથા ઓછા બફરિંગ સાથે ઝડપથી લોડ થતા અટક્યા વગર સળંગ ગીતો સાંભળવાનો આનંદ આપે છે. જો કે ટહુકો.કોમ કે એવી કોઈપણ સ્ટ્રીમિંગ ઑડિયો પીરસતી વેબસાઈટનો રુકાવટ વગરનો પૂર્ણ આનંદ લેવા આપનું ઈન્ટરનેટ જોડાણ ઝડપી હોવું જરૂરી છે. જયશ્રીબેનની કોઈપણ એડવર્ટાઈઝ કે પ્રાયોજક વગરની આ પહેલ એક અનોખો ચીલો પાડે છે. અહીં અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલ સમગ્ર કન્ટેન્ટનું પૂર્ણ વર્ગીકરણ હોય, એન્ડ્રોઈડ તથા આઈફોન-આઈપેડ એપ્લિકેશન સ્વરૂપે આ સમગ્ર રસથાળ ઉપલબ્ધ થાય તો હજુ પણ મનોરંજક બની શકે. જો કે હાલમાં આ વેબસાઈટ કેટલીક ટેકનિકલ ક્ષતિઓ સામે ઝઝૂમી રહેલી જણાય છે.

વેબજગતની હલચલ

O અમેઝોનના કિન્ડલ માટેની ડાયરેક્ટ પબ્લિશિંગની સફળતાનો લાભ લેવા અને તેની સાથે સીધી સ્પર્ધામાં ઉતરવા બાર્ન્સ એન્ડ નોબલની નૂક હવે પોતાનું નૂકપ્રેસ લાવી રહી છે જે સ્વપ્રકાશન કરતા લેખકો માટે એક નવો અને ઉપયોગી વિકલ્પ બની રહેશે તો નૂક રીડર માટે એક સહાયક સ્ત્રોત બની રહેશે .જુઓ https://www.nookpress.com/

O આર એસ એસ ફીડ માટેનું વિશ્વનું સૌથી વધુ વપરાતું અને ખૂબ પ્રચલિત 'ગૂગલ રીડર' 1 જુલાઈ 2013ના રોજ બંધ થઈ જશે . આ સાથે વેબફીડના એક વિશાળ વાંચનવર્ગને વિકલ્પ શોધવાની જરૂર ઉભી થઈ છે .ગૂગલના બ્લોગ પર જણાવ્યા મુજબ ઘટતા વપરાશ અને ઓછી પરંતુ વધુ ઉપયોગી સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા ગૂગલ રીડર બંધ કરાઈ રહ્યું છે, ઉપરાંત ગૂગલ ક્લાઉડ કનેક્ટ, ગૂગલ બિલ્ડીંગ મેકર, બ્લેકબેરી માટેની ગૂગલ વોઈસ એપ્લિકેશન જેવી અનેક સુવિધાઓ બંધ થઈ રહી છે.

O ગીતોના રસિયાઓ માટે ટ્વિટરે તેનું નવી સુવિધા #music લોંચ કરી છે જે http://music.twitter.com પર ઉપલબ્ધ છે. ટ્વિટ્સ અને કલાકારોના ટ્વિટર ખાતાને સાંકળી લઈને આ સુવિધા તમને તમારા રસના સંગીતપ્રકાર અને ગાયક અનુસાર ગીતો સૂચવશે જેનો એક નાનકડો ભાગ તમે નિ:શુલ્ક સાંભળી શકશો અથવા એ ગીત તમારા આઈ ટ્યૂન ખાતામાં ડાઉનલોડ કરી શક્શો, ઉપરાંત આ ખાતાને 'સ્પોટિફાય' સાથે પણ સાંકળી શક્શો.

O વર્ડપ્રેસના 90000થી વધુ નવા / પ્રાથમિક બ્લોગ્સ પર હેકર્સે હુમલો કર્યો હતો, અને એ માટેની રીત પણ સાવ સીધી સાદી, મૂળભૂત admin વપરાશકર્તા નામ અને 1000ની આસપાસના ખૂબ સામાન્ય પાસવર્ડના સંયોજનથી બનેલ એક પ્રોગ્રામના ઉપયોગથી અનેક બ્લોગ્સ પર હેકર્સની આ ટોળકી ત્રાટકી હતી.

o [કેકારવ]

કવિ હરીશ મીનાશ્રુની કાવ્યબાની તમના જ અવાજમાં સાંભળવી તે એક અવસર છે શબ્દમાં અને જાતમાં એક શાંત ડૂબકી મારવાનો...કવિના કાવ્યસંગ્રહ 'પર્જન્યસૂક્ત'ની પ્રસ્તાવના કવિના મુખે માણીએ.. ... (ઓડિયો લિંક)

'પર્જન્યસૂક્ત'ની કેફિયત -

https://www.dropbox.com/s/g3nofl87n423vy6/57-%20Parjanyasukta_Preface.MP3




હરીશ મીનાશ્રુ



શ્રી ભગવતીકુમાર શર્માને નર્મદચંદ્રક

'નર્મદ સાહિત્ય સભા' દ્વારા 'સુરત મુજ ઘાયલ ભૂમિ'ના સર્જક શ્રી ભગવતીકુમાર શર્માને તા. ૧૧-૪-૨૦૧૩ના રોજ સુરત ખાતે પ્રતિષ્ઠિત નર્મદચંદ્રક એનાયત થયો.

o આપના પ્રતિસાદ......



Telegram "JANMABHOOMI"

JANMABHOOMI

Managers: THE STATES' PEOPLE PRIVATE LTD.

Editor: HARINDRA DAVE

JANMABHOOMI BHAVAN, Ghoga Street, Post Box 62, Fort — BOMBAY 1.

૨૫ વર્ષ પહેલાં....

કવિ હરીન્દ્ર દવેનો પ્રતિસાદ (તા.૨૩-૬-૧૯૮૮)

'નિસ્યંદન'ને તેની સાઈક્લોસ્ટાઈલ સંસ્કરણની યાત્રા દરમ્યાન પણ ઘણા અગ્રીમ હરોળના સાહિત્યકારોની ચાહના પ્રાપ્ત થઈ હતી. તા. ૨૩-૬-૧૯૮૮ના રોજ કવિ હરીન્દ્ર દવે લખે છે : " 'નિસ્યંદન' સરસ ચાલે છે. દૈનિકપત્રની ભીંસ વચ્ચે આવું કંઈક જોઉં ત્યારે રણમાં છાંયડી મળી હોય એવો અનુભવ થાય છે. હમણાં કશું જ લખ્યું નથી. છતાં કંઈક લખાશે તો તમને મોકલીશ."

– સાહિત્યવૃત્ત –

O ખંભરા (અંજાર) ખાતે કવિ હરીન્દ્ર દવેને સ્મરણાંજલિ આપતો એક કાર્યક્રમ તા.૨૦-૪-૨૦૧૩ના રોજ યોજાઈ ગયો. કવિના જન્મસ્થળે છેલ્લાં ૧૪ વર્ષથી યોજાઈ રહેલા કવિસંમેલનમાં કવિ વંચિત કુકમાવાલા, કુમાર જિનેશ શાહ,મુકુંદ મહેતા 'અલ્પ', રાકેશ પટેલ, ચંદ્રભાઈ દરજી, દક્ષા બી. સંઘવી તથા જોગેશ્વરી છાયાએ કાવ્યપઠન કર્યું. વિનોદ ઓઝાનું સુંદર સંચાલન. શીતલ દવે તથા દેવીપ્રસાદ દવે દ્વારા કવિ હરીન્દ્ર દવેને સ્વરાંજલિ અપાઈ.

O ગુજરાતી લૅક્સિકોન–સંકુલના સર્જક મુરબ્બી શ્રી રતિલાલ ચંદરિયાનું તેમની ગુજરાતી ભાષાની સેવાઓ બદલ વિકિપીડિયા અને વેબગુર્જરી દ્વારા નેટ પરના ગુજરાતીઓ વતી આભાર વ્યક્ત કરવા તા.૬-૪-૨૦૧૩ના રોજ તેમના નિવાસસ્થાને સન્માન કરાયું

O કેતન મુનશી વાર્તા સ્પર્ધા-૫, ૨૦૧૨નું શ્રેષ્ઠ વાર્તાનું પારિતોષિક શ્રી કનુ આચાર્યની વાર્તા 'પિયાલો'ને પ્રપ્ત થયુ છે. શ્રી કનુભાઈને અભિનંદન.

O કવિ હરીશ મીનાશ્રુનું કાવ્યપઠન વેરાવળ ખાતે તા.૬-૩-૨૦૧૩ના રોજ યોજાયું. સ્થળ 'નિસ્યંદન' સંપાદક યોગેશ વૈદ્યનું નિવાસસ્થાન. 'નિસ્યંદન'પરિવાર દ્વારા કવિશ્રીને સન્માનિત કરાયા. કવિશ્રીનાં કાવ્યોએ વેરાવળીઓને ભીંજવ્યા.

O દિલ્હીના એસ.એચ.રઝા ફાઉંડેશન દ્વારા કવિ અને ચિત્રકાર પીયૂષ ઠક્કરને વર્ષ ૨૦૧૩-૧૪ માટે ભારતીય અમૂર્ત કલાના પાયોનિયર કલાકાર વાસુદેવ ગયતોંડેના કલાજીવન પર સંશોધન કાર્ય કરવા માટે ફેલોશિપ ઓફર કરાઈ છે.

O કવિ વિજય આશરના સ્મૃતિગ્રંથ 'આ રહ્યો વિજય'નુ વિમોચન તા.૨૮-૪-૨૦૧૩ ના રોજ જામનગર ખાતે યોજાયું. સામાજિક, સાહિત્યિક તથા આધ્યાત્મિક મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે યોજાયેલ કાવ્યસંમેલનમાં કવિઓ ભાસ્કર ભટ્ટ, દીપક ત્રિવેદી, યોગેશ વૈદ્ય, બેન્યાઝ ધ્રોલવી તથા અબ્દુલગફાર કાજીએ કાવ્યપઠન કર્યું. આયોજન.કિશોરભાઈ સોની, ડૉ.કે.એમ.આચાર્ય, હિતેનભાઈ ભટ્ટ તથા હાજીહાસમ દેદાનું.

O 'ઝરૂખો' અંતર્ગત તા.૬/૪/૨૦૧૩ના રોજ બોરીવલી, મુંબઈ ખાતે ગુજરાતી વિકિપીડિયા અને વિકિસ્રોતના નિયામક ધવલ વ્યાસ તથા સુશાંત સાવલાના વક્તવ્ય યોજાયા.નવલકથાકાર દિનકર જોષીનું પ્રમુખસ્થાન અને કવિ સંજય પંડ્યાની ભૂમિકા.

O ત્રણ લેખકમિત્રો દીપક સોલીયા , ઉર્વીશ કોઠારી અને ધૈવત ત્રિવેદી એ સાથે મળીને 'સાર્થક પ્રકાશન'નો શુભારંભ કર્યો. તે અંતર્ગત ચાર પુસ્તકો : લાઈટહાઉસ (ધૈવત ત્રિવેદી), ગાતા રહે મેરા દિલ (સલીલ દલાલ), સરદાર : સાચો માણસ, સાચી વાત (ઉર્વીશ કોઠારી), ગુઝરા હુઆ જમાના (કૃષ્ણકાંત –કે.કે)નું તા ૬-૪-૨૦૧૩ ના રોજ અમદાવાદ ખાતે લોકાર્પણ થયું.

O તા.૨૧-૪-૨૦૧૩ના રોજ ધબકાર-મુંબાઈ દ્વારા ગ્રાંટરોડ સ્થિત શ્રી ચેતન ફ્રેમવાલાના નિવાસસ્થાને કવિ મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'ને યાદ કરતો સુંદર કાર્યક્રમ યોજાયો. ગઝલકાર દેવદાસ શહ 'અમીર'ની અધ્યક્ષતા અને ૨૧ કવિઓ દ્વારા કાવ્યપઠન. આ પ્રસંગે હિંદી કવિ દેવમણી પાંડેયના ગઝલસંગ્રહનું લોકાર્પણ પણ સંપન્ન થયું અને કવિ 'ગાફિલ'ના પૌત્રીવર મૌલીશ કંથારિયાનું સન્માન કરવામાં આવ્યું.

O તા.૨૮-૪-૨૦૧૩ના રોજ જામનગર ખાતે કવિ સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'ના નિવાસસ્થાને એક કાવ્યગોષ્ઠી યોજાઈ, જેમાં કવિ ભાસ્કર ભટ્ટ, દીપક ત્રિવેદી, યોગેશ વૈદ્ય, સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ',પ્રવીણ ટાંક, આદિત્ય જામનગરી, ડૉ.નરેશ ભંડેરી, ડૉ. કેતન કારીયા, જયપ્રકાશ પટેલ, ભાવિન પાઠક 'રાહી', 'સાગર' વગેરે કવિઓએ ભાગ લીધો. કાવ્યપઠન અને કાવ્યચર્ચાઓ થઈ.

(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા 'નિસ્યંદન' ઉત્સુક છે.)



આપણી સાહિત્ય ધરોહર



કેશવલાલ ધ્રુવ : ભાષાવિદ, વિવેચક, સંશોધક, સંપાદક, અનુવાદક. (૧૭-૧૦-૧૮૫૯, ૧૩-૩-૧૯૩૮)

ધ્રુવ કેશવલાલ હર્ષદરાય , 'વનમાળી': જન્મ દહેગામ તાલુકાના બહિયેલમાં. ૧૮૭૬ માં મૅટ્રિક. ૧૮૮૨ માં બી.એ. ત્યારબાદ અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષક. ત્યાંથી અમદાવાદની રણછોડલાલ છોટાલાલ હાઈસ્કૂલમાં. ૧૯૦૮ માં એ જ હાઈસ્કૂલમાં હેડમાસ્તર. ૧૯૧૫ માં ત્યાંથી નિવૃત્ત થઈ ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના પ્રથમ પ્રાધ્યાપક તરીકે નિમાયા. ૧૯૩૪ માં નિવૃત્ત. ૧૯૨૦ થી ૧૯૩૮ સુધી ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ. ૧૯૦૭ માં ભરાયેલી બીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ.

સંશોધનની સંસ્કૃત-પરંપરામાં એમનું પ્રદાન મૂલ્યવાન છે.એમનાં સંશોધન તેમજ સંપાદનરુચિનું પરિષ્કરણ ઉપરાંત સર્જકતાનો ઉન્મેષ બતાવે છે. એમના અનુવાદોમાં અનુસર્જનની તાજગી છે. ભાષાવિષયક સંશોધન અને સાહિત્યવિચારણા રજૂ કરતા એમના લેખો 'સાહિત્ય અને વિવેચન'- ભાગ. ૧, ૨ (૧૯૩૯, ૧૯૪૧)માં સંગ્રહાયા; તો ૧૯૩૧ માં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં પિંગલવિષયક વિચારણા રજૂ કરતાં પાંચ વ્યાખ્યાનો 'પદ્યરચનાની ઐતિહાસિક આલોચના' (૧૯૩૨) રૂપે મળે છે. 'રણપિંગળ' પછીનો ગુજરાતીમાં છંદ પરનો આ બીજો પ્રમાણિત ગ્રંથ છે. એમાં ઋગ્વેદથી માંડીને અર્વાચીન સમયના છંદોનો વિકાસ ઉદાહરણો સાથે સ્ફૂટ કર્યો છે.

પ્રાચીન-મધ્યકાલીન કવિઓ વિશેનાં એમનાં સંપાદનો વિદ્વત્તાપૂર્ણ પ્રાસ્તાવિકો અને દ્યોતક ટિપ્પણોથી મહત્ત્વનાં બનેલાં છે. મધ્યકાલીન ભાષા અને સાહિત્યનો એમાં દ્રષ્ટિપૂર્વકનો અભ્યાસ છે. ભાલણની 'કાદંબરી'ના પૂર્વભાગ (૧૯૧૬) નું અને ઉત્તરભાગ (૧૯૨૭)નું સંપાદન કરવા ઉપરાંત એમણે 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જરકાવ્ય' (૧૯૨૭)નું સંપાદન કર્યું છે. રત્નહાસકૃત 'હરિશ્ચન્દ્રાખ્યાન' (૧૯૨૭), અખાકૃત 'અનુભવબિંદુ' (૧૯૩૨) વગેરે એમનાં અન્ય સંપાદનો છે.
સંસ્કૃત કાવ્યો અને નાટકોના અનુવાદો એમનું સૌથી મહત્ત્વનું પ્રદાન છે. રસિકતા અને પાંડિત્ય સાથે યથાર્થ ભાષાંતર કેવાં થઈ શકે એના એ નમૂનાઓ છે. 'અમરુશતક' (૧૮૯૨), 'ગીતગોવિંદ' (૧૮૯૫) અને 'છાયાઘટકર્પર' (૧૯૦૨) એમના સંસ્કૃત કાવ્યોના અનુવાદ છે; તો 'પ્રધાનની પ્રતિજ્ઞા' (૧૯૧૫), 'સાચું સ્વપ્ન' (૧૯૧૭), 'મધ્યમવ્યાયોગ' (૧૯૨૦) અને 'પ્રતિમા' (૧૯૨૮) એ એમના ભાસનાં નાટકોના અનુવાદ છે. વિશાખદત્તનું 'મુદ્રારાક્ષસ', 'મેળની મુદ્રિકા' (૧૮૮૯)ને નામે, હર્ષનું 'પ્રિયદર્શિકા', 'વિન્ધ્યવનની કન્યકા' (૧૯૧૬)ને નામે, કાલિદાસનું 'વિક્રમોર્વશીયમ્', 'પરાક્રમની પ્રસાદી' (૧૯૧૫)ને નામે એમણે ગુજરાતીમાં ઉતાર્યાં છે. આ અનુવાદો ઊંચું નિશાન તાકનારાં છે.
(વિકીપીડિયામાંથી શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાના લખાણના આધારે)